શ્રી સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવ નિમિત્તે

# શ્રમદાન

સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવ નિમિત્તે અનુપમ મિશનની વ્યવસ્થાપન સમિતિ દ્વારા તારીખ ૨ અને ૯ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ શ્રમદાન ભક્તિનું આયોજન કરાયું. આ સેવાયજ્ઞમાં ભક્તિ અર્પણ કરવા અનુપમ મિશન, ભારતનાં વિવિધ કેન્દ્રોમાંથી અક્ષરમુક્તો પધાર્યા. ગુરુવચનને ઝીલી અત્યંત મહિમા સાથે સૌ સંતો-ભક્તોએ મંદિરજી અને મંદિરજી પરિસરની સફાઈ, મહોત્સવના સુશોભનની પૂર્વતૈયારીઓ, કળશ મહાયજ્ઞ સંલગ્ન સેવાઓ, રસોડાની સેવાઓ, પરિસર સ્વચ્છતા માટેની વ્યવસ્થાઓ જેવાં અનેક સેવાકાર્યોમાં શ્રમદાન અર્પણ કરી ભક્તિ અદા કરી. શ્રમયજ્ઞ બાદ સાંજે નૂતન મંદિરના પ્રદક્ષિણાપથ પર સૌ ભક્તોએ સામૂહિક પ્રદક્ષિણા ભક્તિ અર્પણ કરી પરિસરને સ્વામિનારાયણ મહામંત્રથી ગુંજાવી દીધું. ત્યારબાદ સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સંતોનાં સાંનિધ્યે સત્સંગસભા યોજાઈ, જેનો લાભ પામી સૌ ધન્ય થયાં. સંતભગવંત સાહેબજી, સદ્ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદાએ આશીર્વાદ આપી સૌની સેવા અને ભક્તિને બિરદાવી તેમજ આધ્યાત્મિક માર્ગદર્શન પ્રદાન કરી સાધનાની સમજ આપી. ભાઈઓ-બહેનો સૌ ભક્તોએ સંપ, સુહૃદભાવ અને એકતા સાથે સમયબદ્ધ અને શિસ્તપૂર્ણ શ્રમયજ્ઞ કરીને અનુપમ સમર્પણ અને ઉમદા ભક્તિની અનુભૂતિ કરાવી. ◆





























# અખંડ સેવા અવિરત ભક્તિ



























બ્રહ્મજ્યોતિ ભારત ૨૦૨૨












# અખંડ સેવા અવિરત ભક્તિ














# અખંડ સેવા અવિરત ભક્તિ












